| | |
|---|---|
| GJJM090002062020 | કેસ દાખલ તારીખઃ ૧૬/૧૦/૨૦૨૦<br>કેસ નોંધ્યા તારીખઃ ૧૬/૧૦/૨૦૨૦<br>ઠરાવ જાહેર તારીખઃ ૨૦/૦૩/૨૦૨૬<br>અવધિઃ– ૫ વર્ષ, ૫ માસ, ૪ દિવસ |

**<u>જોડીયાના મહેરબાન જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની અદાલત</u>**

**<u>સમક્ષ, મુ. જોડીયા</u>**

**આંક–**

**ફરીયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂદ્ધ**

**આરોપીઃ–** (૧) રમણીકભાઇ ચમનભાઇ પઢીયાર **<u>(એબેટ)</u>**
ઉ.વ.–૩૯, ધંધો–ખેતી,
રહે. પીઠડ ગામ, તા.જોડીયા, જી.જામનગર

(૨) રમેશભાઇ ઉર્ફે લાંબો કરશનભાઇ પઢીયાર
ઉ.વ.–૪૭, ધંધો–ખેતી,
રહે. પીઠડ ગામ, તા.જોડીયા, જી.જામનગર

**ગુનોઃ–** ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી એન.કે.પરમાર
આરોપી નંબર–૨ તરફે વિ.વકિલ શ્રી વી.એસ.માનસાતા

**–:: ચુકાદો ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આરોપીઓએ તારીખ ૨૧/૦૬/૨૦૨૦ના રોજ કલાક ૮/૦૦ થી સાંજના ૨૦/૦૦ વાગ્યા દરમ્યાન ફરીયાદીના સંકલ્પ કિશાન સેવા કેન્દ્ર પેટ્રોલ પંપનાં મોબાઇલ ફોન પર ફોન કરી રોકડા રૂપિયે ડીઝલ જોઇએ છે તેમ કહી ફરીયાદી તથા સાહેદ રમેશભાઇ ભીમાણીને વિશ્વાસમાં લઇ ડીઝલ લીટર–૪૪૦ કિ.રૂ.૩૩૪૧૪/– નું મંગાવી ડીઝલ ઉતારી લઇ સાહેદ કાનાભાઇ રબારીએ ડીઝલના રૂપિયા માંગતા તેના રૂપિયા નહી ચુકવી સાહેદ કાનાભાઇ રબારીને ભુંડી ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી, ફરીયાદી અને સાહેદને વિશ્વાસમાં લઇ વિશ્વાસઘાત છેતરપિંડી કરી, એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ. જે બાબતે જોડીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદીએ ફરીયાદ આપતા તે ગુના રજી. નં. ૧૧૨૦૨૦૨૫૨૦૦૧૮૪/૨૦૨૦ થી નોંધી તપાસ કરનાર અમલદારે આ ગુનાની તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, આરોપીઓ સામે પુરતો પુરાવો જણાઇ આવતા આરોપીઓ વિરૂદ્ધ મથાળે દર્શાવેલ ગુના સબબ અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલુ.

(૨) આ કામે આરોપીઓને પ્રોસેસની બજવણી થતા, આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતાં આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ. આરોપીઓ સામે આંક–૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તેઓની સામે ફરમાવેલ તહોમત અંગે આરોપીઓની આંક–૪ અને આંક–૫ થી પ્લી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઇન્કાર કરેલ, જેથી આ કામે ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ કાર્યવાહી દરમ્યાન આરોપી નંબર–૧ મરણ ગયેલ હોઇ, આરોપી નંબર–૧ સામેનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

**–: મૌખિક તથા દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ રશ્મીનભાઇ ચંદુગર ગોસાઇની જુબાની | ૬ |
| ૨ | અટક પંચનામું (અસલ) | ૭ |
| ૩ | પંચ સાહેદ મનસુરભાઇ અબ્બાસભાઇ છરેચાની જુબાની | ૧૨ |
| ૪ | પંચ સાહેદ વિપુલ કેશુભાઇ સોલંકીની જુબાની | ૧૯ |
| ૫ | મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામું (ખરી નકલ) | ૨૦ |
| ૬ | પંચ સાહેદ દિલીપભાઇ વિઠ્ઠલભાઇ અધારીયાની જુબાની | ૨૨ |
| ૭ | સાહેદ નીતીનભાઇ વશરામભાઇ દઢાણીયાની જુબાની | ૨૮ |
| ૮ | સાહેદ રાયમલભાઇ જીવણભાઇ રગીયાની જુબાની | ૨૯ |
| ૯ | ફરીયાદી ભગીરથભાઇ જગજીવનભાઇ કડીવારની જુબાની | ૩૧ |
| ૧૦ | ફરીયાદ (અસલ) | ૩૨ |
| ૧૧ | સાહેદ રમેશભાઇ નાગજીભાઇ ભીમાણીની જુબાની | ૪૪ |
| ૧૨ | સાહેદ કાનાભાઇ રતાભાઈ રગીયાની જુબાની | ૪૫ |
| ૧૩ | તપાસ કરનાર અમલદાર સોનલબેન વલ્લભદાસ સામાણીની જુબાની | ૫૨ |
| ૧૪ | ચાર્જશીટ કરનાર મેઘરાજસિંહ રણજીતસિંહ વાળાની જુબાની | ૫૫ |

આ કામમાં ફરીયાદપક્ષે ઉપરોક્ત પુરાવા બાદ વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાની આંક–૫૯ થી પુરશીસ આપી વિશેષ પુરાવો રજુ કરવા માગતા ન હોવાનુ જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપી નંબર–૨ નું વિશેષ નિવેદન લેવામાં આવતાં, આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકિકતનો સ્વિકાર કરેલ છે. જ્યારે બાકીના પુછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કાર કરેલ છે તથા જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓએ નિર્દોષ હોવાની રજુઆત કરેલ છે.

(૫) ત્યાર બાદ ફરિયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો તથા આરોપી નંબર–૨ તરફે વિદ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬) ઉપરોક્ત હકિકતો તેમજ રજુ થયેલ પુરાવો તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તારીખ ૨૧/૦૬/૨૦૨૦ના રોજ કલાક ૮/૦૦ થી સાંજના ૨૦/૦૦ વાગ્યા દરમ્યાન ફરીયાદીના સંકલ્પ કિશાન સેવા કેન્દ્ર પેટ્રોલ પંપનાં મોબાઇલ ફોન પર ફોન કરી રોકડા રૂપિયે ડીઝલ જોઈએ છે તેમ કહી ફરીયાદી તથા સાહેદ રમેશભાઈ ભીમાણીને વિશ્વાસમાં લઈ ડીઝલ લીટર–૪૪૦ કિ.રૂ.૩૩૪૧૪/– નું મંગાવી ડીઝલ ઉતારી લઈ સાહેદ કાનાભાઈ રબારીએ ડીઝલના રૂપિયા માંગતા તેના રૂપિયા નહી ચુકવી સાહેદ કાનાભાઈ રબારીને ભુંડી ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી, ફરીયાદી અને સાહેદને વિશ્વાસમાં લઈ વિશ્વાસઘાત છેતરપિંડી કરી, એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ? |

| | |
|---|---|
| **(૨)** | શું હુકમ ? |

**(૭)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| **(૧)** | નકારમાં. |
| **(૨)** | આખરી હુકમ મુજબ. |

**–:: કારણો ::–**

**<u>મુદ્દા નંબર ૧</u> ::–**

**(૮)** ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર તે મુજબનો ગુન્હો શંકા રહિત પુરવાર કરવો જોઇએ. બચાવપક્ષે ઉલટતપાસ દ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઇએ અને જો કોઇ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઇએ. જો આવા કોઇ વિશેષ પુરાવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવુ માની શકાય નહી. પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઇએ તેવુ કાયદાનું ધોરણ છે.

**(૮.૧)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૬ થી પંચ સાહેદ રશ્મીનભાઇ ચંદુગર ગોસાઇને તપાસવામાં આવેલ છે તથા આંક–૧૨ થી પંચ સાહેદ મનસુરભાઇ અબ્બાસભાઇ છરેચાને તપાસવામાં આવેલ છે. જેઓ બંન્ને આંક–૭ વાળા અટક પંચનામાનાં પંચ સાહેદો છે. જેઓ પંચનામામાં પોતાની સહી હોવાની હકિકત જણાવે છે. એ સિવાય પંચનામાની કોઇ હકિકતને સમર્થન કરતા ન હોઇ હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. વિદ્વાન એપીપીશ્રી દ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા

પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકિકત જણાવેલ નથી.

**(૮.૨)** ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૯ થી પંચ સાહેદ વિપુલ કેશુભાઇ સોલંકીને તપાસવામાં આવેલ છે તથા આંક–૨૨ થી પંચ સાહેદ દિલીપભાઇ વિઠ્ઠલભાઇ અધારીયાને તપાસવામાં આવેલ છે. જેઓ બંન્ને આંક–૨૦ વાળા મુદ્દામાલ કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદો છે. જેઓ પંચનામામાં પોતાની સહી હોવાની હકિકત જણાવે છે. એ સિવાય પંચનામાની કોઇ હકિકતને સમર્થન કરતા નથી. આંક–૨૨ વાળા પંચ સાહેદને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. વિદ્વાન એપીપીશ્રી દ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકિકત જણાવેલ નથી.

**(૮.૩)** ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૮ થી સાહેદ નીતીનભાઇ વશરામભાઇ દઢાણીયાનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી ભગીરથભાઈ તેઓના મીત્ર થાય છે. ૨૪/૦૬ ના રોજ તેમને રાયમલભાઈનો ફોન આવેલો અને કહેલ કે કેસ કરવા જવાનુ છે. રાયમલભાઈએ જણાવેલ કે ભગીરથભાઈને ત્યાથી પીઠડના બે જણા ડીઝલ લઈ ગયેલ છે અને પૈસા આપેલ નથી તેથી જવાનુ છે. જેથી તેઓ પ્રથમ મોરબી તાલુકા પોલીસ સ્ટેશને ફરીયાદ લખાવવા ગયેલા ત્યા સાહેબને મળવા ભગીરથભાઈ અને રાયમલભાઈ ગયેલા તેઓ બહાર હતા ત્યાથી તેઓ આવી ગયેલ અને બપોર પછી જોડીયા ગયેલ અને જોડીયામા તેઓને કહેલ કે તમારો પંપ મોરબી તાલુકામા આવે છે જેથી તેઓ સાંજે આવી ગયેલ અને બીજે દિવસે જોડીયા ફરીયાદ કરવા ગયેલ. ઉપરોકત બનાવ અંગે તેઓને ભગીરથભાઈએ જણાવેલ કે તેમના સસરા રમેશભાઈ નાનજીભાઈ ભીમાણ

કે જેઓ પેટ્રોલ પંપ સંભાળે છે તેનો ફોન આવેલ અને કહેલ કે રમેશભાઈ કાસુન્દ્રા બોલે છે તેઓને જેસીબી અને હીટાચી છે તેઓને ડીઝલની જરૂર છે તમે ડીઝલ દઈ જાજો. બપોર બાદ રમેશભાઈ કાસુન્દ્રાનો ફોન આવેલો કે તમે ડીઝલ આપેલુ નથી. તેથી ભગીરથભાઈના સસરાનો ભગીરથભાઈને ફોન આવેલ કે આવી રીતના રમેશભાઈ કાસુન્દ્રા ડીઝલ માંગે છે ડીલેવરી દેવા જવાનુ છે. ભગીરથભાઈએ હા પાડી. બાદ ભગીરથભાઈનુ ટેન્કર ડીઝલ દેવા ગયેલુ. ઓલા લોકો ડીઝલ દેવા પહોચી ગયેલા. ઓલા લોકો એટલે ડીઝલ આપવા ગયા હતા તે કાનાભાઈ ડ્રાયવર. રમેશભાઈ નાનજીભાઈ ભીમાણીને તેમના મીત્રનો ફોન આવેલ કે તમે જેને ડીઝલ દેવા જાવ છો તે કોઈને પૈસા આપતા નથી જેટલુ ડીઝલ નાખ્યુ હોય તેટલાના પૈસા લઈ લો નહીતર પૈસા આવશે નહી. પછી ભગીરથભાઈને રમેશભાઈએ ફોન કરેલ કે આવી રીતના છે પછી ભગીરથભાઈએ કીધેલુ કે જેટલુ ડીઝલ નાખેલુ છે તેટલા પૈસા લઈ લ્યો બીજુ પૈસા આપે તો બીજુ ભરી દેજો. પછી કાનાભાઈ ડ્રાયવરે સામાવાળી પાર્ટીને કીધેલુ કે આટલાના પૈસા આપી દયો પછી બીજા પૈસા દયો તો ભરી દઈશ. પછી રમેશભાઈ કાસુન્દ્રા એ કીધેલુ કે પૈસા ઘરે છે હાલો ઘરે અપાવી દવ. કાનાભાઈ ત્યા જાય છે પછી રમેશભાઈ કાસુન્દ્રા જેણે નામ લખાવ્યુ તે કાનાભાઈને ગાળો આપે છે અને કહે છે કે હાલતો થઈ જા નકર જાનથી મારી નાખીશ પછી કાનાભાઈ ડરી જાય છે અને પંપે આવતા રહે છે. ભગીરથભાઈએ ફરીયાદ રમેશભાઈ કાસુન્દ્રા કે જે બીજા નામે આવેલ તેની સામે ફરીયાદ આપેલ. એક રમણીકભાઈ પઢીયાર અને બીજો જે પણ પઢીયાર છે તેનુ નામ તેઓને ખબર નથી. ઉપરોકત બનાવનુ પોલીસે નીવેદન લીધેલુ.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, " મને રાયમલભાઈનો ફોન આવેલો અને કહેલ કે કેસ કરવા જવાનુ છે રાયમલભાઈએ જણાવેલ કે ભગીરથભાઈને ત્યાથી પીઠડના બે જણા ડીઝલ લઈ ગયેલ છે અને પૈસા આપેલ નથી તેથી જવાનુ છે જેથી અમો પ્રથમ મોરબી તાલુકા પોલીસ સ્ટેશને ફરીયાદ લખાવવા ગયેલા ત્યા સાહેબને મળવા ભગીરથભાઈ અને રાયમલભાઈ ગયેલા હુ બહાર હતો ત્યાથી અમો આવી ગયેલ અને બપોર પછી જોડીયા ગયેલ અને જોડીયામા અમને કહેલ કે તમારો પંપ મોરબી તાલુકામા આવે છે જેથી અમો સાંજે આવી ગયેલ અને બીજે દિવસે જોડીયા ફરીયાદ કરવા ગયેલ" તે હકીકત તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નીવેદનમાં લખાવેલ નથી. વધુમાં સદર સાહેદે પોતાની ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેમને આજ દીવસ સુધીમાં રમેશભાઈ કાસુન્દ્રા નામ ઉપયોગ કરનાર બીજી વ્યકિતને પોલીસ દ્વારા બતાવવામાં આવેલ નથી તથા પોલીસે ફરીયાદ લીધી તે સમયે તેઓ ચાલીમા બેઠેલા, તેઓ અને રાયમલભાઈ બન્ને ચાલીમા બેઠેલા હતા, પોલીસે બનાવ બન્યા બાદ કેટલા દિવસે તેમનું નીવેદન લીધેલુ તે તેમને યાદ નથી, તેમનું જે નીવેદન લીધેલ તે નીવેદન લેનાર પુરુષ વ્યકિત હતી, આ ફરીયાદ અંતર્ગત તેઓ બે વખત પોલીસ સ્ટેશને આવેલ, બન્ને વખત તેઓ આવ્યા ત્યારે મેહુલભાઈ નામની વ્યકિત પણ તેઓની સાથે હતી, પોલીસે આ બે વખત જયારે તેઓ પરત ગયા ત્યારે કંઈ સાથે આપેલુ હોય તેવુ તેમને યાદ નથી, ભગીરથભાઈ કે રાયમલભાઈને આપેલ હશે.

સદર સાહેદે એ સિવાયની ઉલટતપાસમાં પુછવામાં આવેલ તમામ હકિકતનો ઈન્કાર કરેલ છે.

(૮.૪) ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૯ થી રાયમલભાઇ જીવણભાઇ રગીયાનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ કોલસાનો વેપાર કરે છે. ભગીરથભાઈ જગજીવનભાઈ કડીવાર તેઓના મીત્ર થાય છે. ૨૧/૦૬ કે ૨૨/૦૬ ના રોજ ભગીરથભાઈનો ફોન

આવેલો અને તેમને વાત કરેલ કે, તેઓનો પેટ્રોલપંપ કે જે કિશાન સેવા કેન્દ્ર જે ચાંચાપર પાસે આવેલ છે અને તેઓના સસરા સંભાળે છે અને તેઓના સસરાને પીઠડના એક ભાઈનો ફોન આવેલો જે ભાઈનુ નામ રમેશભાઈ કરશનભાઈ કાસુન્દ્રા હોવાનુ જણાવેલ હતુ અને તેઓને જેસીબી અને હીટાચીનુ કામકાજ છે અને તેઓને એક હજાર લીટર ડીઝલ જોઈએ છે. તેવો સવારના આઠ વાગ્યે ફોન આવેલો. ત્યારબાદ ચાર વાગ્યે ફરીથી રમેશભાઈ કરશનભાઈ કાસુન્દ્રાનો ફોન આવેલો અને જણાવેલ કે, તેમને ડીઝલ કયારે પહોચાડશો. ભગીરથભાઈએ તેમના સસરાને કીધુ કે પેમેન્ટની વાત કરી લીધી ત્યારે તેઓને જણાવેલ કે માલ પહોચી જાશે ત્યા રોકડા પૈસા આપી દેશે. ત્યારબાદ એણે તેઓના વાહન ઈસુઝીમા ડીઝલ પીઠડ પહોચાડયુ. ત્યા ડીઝલ તેઓના વાડામા ઉતરાવવાનુ ચાલુ કરેલ ત્યારે રમેશભાઈના મીત્રનો ફોન આવેલો અને કહેલ કે પહેલા પાર્ટીનુ પેમેન્ટ લઈ લેજો અને પછી ડીઝલ ખાલી કરજો. વાડામા એ લોકોના ડીઝલના બેરલ હતા ત્યા ભગીરથભાઈના સસરાએ ભગીરથભાઈને કીધેલુ કે હવે આપણે શુ કરવુ છે ત્યારે તેમને ભગીરથભાઈએ કીધેલુ કે તેઓએ જેટલુ ડીઝલ ખાલી કરેલુ છે તેટલુ ભલે કરેલુ બાકીના પૈસા રોકડા વાત થયા તે પ્રમાણે લઈ લ્યો પછી ડીઝલ ખાલી કરજો. ત્યારે રમેશભાઈ તરફથી પીઠડવાળા એવુ કહેવામા આવ્યુ ચાલો તમને ઘરે તેઓ પૈસા આપી દેશે ત્યારે ડ્રાયવર તેમના ઘરે રમેશભાઈના સાથે ગયેલા. ત્યા રમેશભાઈના ઘરે રમેશભાઈ અને બીજા તેમના ભાઈ તરફથી ડ્રાયવરને ગાળો આપવામા આવેલ અને તેને જાનથી મારી નાખશે તેવી ધમકી આપવામા આવેલ ત્યારે ડ્રાયવર ત્યાથી રમેશભાઈને ફોન કરે છે. આ લોકો તેને મારી નાખવાની ધમકી આપે છે અને ગાળો આપે છે તેઓ ત્યાંથી ગાડી લઈને ત્યા આવી જાવ છે તે ત્યા પંપ ઉપર રાત્રે આવી જાય છે. ભગીરથભાઈના સસરા રાત્રે ભગીરથને

આ બધી વાત કરે છે. એ બધી વાત તેઓને સવારે બીજે દીવસે ભગીરથભાઈએ ટેલીફોનીક આવી જાણ કરે છે ત્યાર તેઓ અને ભગીરથભાઈ તેઓના મોરબીના પોલીસ સ્ટેશન જે તેઓના ચાંચાપરના પોલીસ સ્ટેશનમા આવે છે ત્યા તાલુકા પોલીસ સ્ટેશનમા બીટ જમાદાર કાનાભાઈ નામે તેઓને તેઓ મળે છે કે તેઓના પંપ ઉપર આવુ ફ્રોડ થયુ છે તો તેણે તેઓની સાથે તોછડુ વર્તન કરી તેમને ત્યાથી પીઠડ જે છે તે જોડીયા પોલીસ સ્ટેશનની હદમા આવે તમે લોકો ત્યા ફરીયાદ દાખલ કરવા માટે જાવ. તેઓ બંન્ને એટલે કે તેઓ અને ભગીરથભાઈ અને નીતીનભાઈ સાથે તેઓ જોડીયા પોલીસ સ્ટેશન આવતા ત્યાથી પી.એસ.આઈ. સામાણી મેડમને તેઓ મળેલા. સામાણી મેડમે તેમને ત્યાથી ફરીયાદ તમે મોરબી જઈ દાખલ કરો પછી તેઓ મોરબી ગયા. તેના પછીના દિવસે તે લોકો મોરબીથી તેમના મીત્ર પત્રકાર સાથે લઈ તેઓ ભગીરથભાઈ, નીતીનભાઈ અને મેહુલભાઈ જોડીયા પોલીસ સ્ટેશન આવેલા. ત્યા તેઓના મીત્ર પત્રકાર મેહુલભાઈ એ એસ.પી.સાહેબ જામનગરને જાણ કરતા તેઓએ મેહુલભાઈની વાત સાંભળી મેડમને ફોન કરેલ. આ લોકોની ફરીયાદ તમે દાખલ કરી દયો. ત્યારે મેડમે અમને પોલીસ સ્ટેશનની અંદર બોલાવેલા અને તેઓની ફરીયાદ દાખલ કરેલી. ત્યારે પોલીસ સ્ટેશનમા તેઓ અને નીતીનભાઈનુ નીવેદન લેવામા આવેલ. ભગીરથભાઈ ફરીયાદી હતા. ત્યાથી સાંજે તેઓને ૨૮૦ લીટરની આજુબાજુનુ ડીઝલ રીકવર કરી આપવામા આવેલ હતુ જે તેઓએ તેમના વાહન મારફત સાંજે ૮ વાગ્યે તેઓના પંપ પર લઈ ગયેલ. ભગીરથભાઈએ ફરીયાદ રમેશભાઈ કરશનભાઈ કાસુન્દ્રા કે જેઓએ ખોટા નામે ડીઝલ મંગાવેલુ હતુ. જેનુ સાચુ નામ તેઓને પાછળથી જાણવા મળેલ કે જે કાસુન્દ્રા નથી. પરંતુ પઢીયાર છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, " હુ અહીંથી ગાડી લઈને ત્યા આવી જાવ છુ પંપ ઉપર તે ત્યા પંપ ઉપર રાત્રે આવી જાય છે. ભગીરથભાઈના સસરા રાત્રે ભગીરથને આ બધી વાત કરે છે એ બધી વાત મને સવારે બીજે દિવસે ભગીરથભાઈએ ટેલીફોનીક આવી જાણ કરે છે ત્યારે હું અને ભગીરથભાઈ અમારા મોરબીના પોલીસ સ્ટેશન જે અમારા ચાંચાપરના પોલીસ સ્ટેશનમાં આવે છે ત્યા તાલુકા પોલીસ સ્ટેશનમા બીટ જમાદાર કાનાભાઈ નામે તેઓને અમે મળી છીએ કે અમારા પંપ ઉપર આવુ ફ્રોડ થયુ છે તો તેણે અમારી સાથે તોછડુ વર્તન કરી અમને ત્યાથી પીઠડ જે છે તે જોડીયા પોલીસ સ્ટેશનની હદમા આવે તમે લોકો ત્યા ફરીયાદ દાખલ કરવા માટે જાવ અમે લોકો હુ અને ભગીરથભાઈ અને નીતીનભાઈ સાથે અમે જોડીયા પોલીસ સ્ટેશન આવતા ત્યાથી પી.એસ.આઈ. સામાણી મેડમને અમો મળેલા સામાણી મેડમે અમને ત્યાથી ફરીયાદ તમે મોરબી જઈ દાખલ કરો પછી અમે મોરબી ગયા તેના પછીના દિવસે અમે લોકો મોરબીથી અમારા મીત્ર પત્રકાર સાથે લઈ હુ ભગીરથભાઈ, નીતીનભાઈ અને મેહુલભાઈ જોડીયા પોલીસ સ્ટેશન આવેલા ત્યા મારા મીત્ર પત્રકાર મેહુલભાઈએ એસ.પી.સાહેબ જામનગરને જાણ કરતા તેઓએ મેહુલભાઈની વાત સાંભળી મેડમને ફોન કરેલ આ લોકોની ફરીયાદ તમે દાખલ કરી દયો ત્યારે મેડમે અમને પોલીસ સ્ટેશનની અંદર બોલાવેલા અને અમારી ફરીયાદ દાખલ કરેલી. ત્યારે પોલીસ સ્ટેશનમાં મારુ અને નીતીનભાઈનુ નીવેદન લેવામા આવેલ" આ હકીકત તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નીવેદનમાં જણાવેલી નથી. વધુમાં સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, રમેશભાઈ કરશનભાઈ કાસુન્દ્રા નામે ફોન કરનાર વ્યક્તિને પોલીસ દ્વારા આજદીન સુધી તેઓને બતાવવામા આવેલ નથી. વધુમાં સદર સાહેદ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ભગીરથભાઈ સાથે બનાવ બન્યાના બીજા દિવસે મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમા ગયેલા, ભગીરથભાઈ તેમને તેડવા આવેલા હોય સવારના ભાગે મારા ધરેથી ભગીરથભાઈની ગાડીમા મોરબી તાલુકા પોલીસ સ્ટેશને ગયેલા, તેઓએ નીચે પોલીસવાળા સાથે દસ મીનીટ વાત કર્યા પછી બીટ જમાદાર પાસે ફરીયાદ કરવા ગયેલા, ત્યા દશેક મીનીટ રોકાયેલા અને પછી તેઓએ સારુ

વર્તન ન કરતા તેઓ ત્યાથી નીકળી ગયેલા, તે દિવસે તેઓ બીજે કયાંય ગયેલા નહી પરંતુ ઘરે આવી ગયેલા, તેઓ બીજે દિવસે ભગીરથભાઈની ગાડીમા તેઓના ઘરેથી તેઓ, ભગીરથભાઈ, મેહુલભાઈ અને નીતીનભાઈ એમ ચાર જણા જોડીયા પોલીસ સ્ટેશને આવેલા. ત્યા તેઓ એકાદ વાગ્યાના સમયમા પહોંચેલા. ત્યા તેઓ દસ મીનીટ મેડમ સાથે ચર્ચા કર્યા બાદ બહાર આવતા રહેલા અને આમ બનતા તેઓ બધા પોતાના ઘેર પાછા ચાલ્યા ગયેલા. ભગીરથભાઈની ફરીયાદ પોલીસે લીધી ત્યારે પોલીસ સ્ટેશનની લોબીમા ખુરશી પડેલી હતી ત્યા બેઠો હતો, ભગીરથભાઈને અંદાજે ફરીયાદ લખાવતા એકાદ જેટલો સમય થયેલો હશે, ભગીરથભાઈ બહાર આવી ગયા બાદ પાંચ મીનીટમાં તેમને પોલીસવાળાએ બોલાવેલ, તેમનું નીવેદન લેનાર એક પુરૂષ પોલીસવાળાએ લીધેલ, તેમનું નીવેદન વીસેક મીનીટ ચાલેલુ, તેઓના બાદ નીતીનભાઈનુ નીવેદન લીધેલુ, તેઓનું નીવેદન જે પુરુષ પોલીસવાળાએ લીધેલુ તે જ પોલીસવાળાએ નીતીનભાઈનુ પણ નીવેદન લીધેલુ, જોડીયા પોલીસ સ્ટેશનમાં જે સામે રૂમ છે તેમા તેઓનું નીવેદન લીધેલુ, એ રૂમનો દરવાજો ફરીયાદ લીધી ત્યારે અને તેઓનું નીવેદન લીધુ ત્યારે પણ ખુલ્લો હતો.

વધુમાં સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, ડીઝલ મંગાવવાથી માંડીને પૈસા ન આપવા બાબતે ગાળો આપી, મારી નાખવાની ધમકી આપી ત્યા સુધીની એકપણ હકીકત તેઓએ નજરે જોયેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ૨૮૦ લીટર ડીઝલ જે રીકવર કર્યું જે ફરીયાદના એક બે દિવસ પછી પોલીસ સ્ટેશનેથી તેઓ પોતાના વાહનમાં નાખી લઈ ગયેલા.

સદર સાહેદે એ સિવાયની ઉલટતપાસમાં પુછવામાં આવેલ તમામ હકિકતનો ઈન્કાર કરેલ છે.

(૮.૫) ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૧ થી ફરીયાદી ભગીરથભાઈ જગજીવનભાઈ કડીવારનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની સોગંદ ઉપરની

જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ચાચાપર ગામની બાજુમા સંકલ્પ કીસાન સેવા કેન્દ્ર નામથી પેટ્રોલપંપ ચલાવે છે. તે પેટ્રોલપંપની અંદર તેઓના સસરા રમેશભાઈ નાગજીભાઈ ભીમાણી મેનેજર તરીકે બધો વહીવટ સંભાળે છે. તારીખ ૨૧/૦૬/૨૦૨૦ ના દિવસે અંદાજીત સવારે ૮ વાગ્યે તેઓના પેટ્રોલપંપના મોબાઈલ નંબર ૬૩૫૩૨૬૩૬૦૪ ઉપર ૯૭૨૭૨૮૬૯૧૩ ઉપર ફોન આવેલ કે હુ પીઠડ ગામેથી રમેશભાઈ કરશનભાઈ કાસુન્દ્રા બોલુ છુ. મારે જેસીબી અને હીટાચીનો વ્યવસાય છે. જેથી મારે એક હજાર લીટર ડીઝલ જોઈએ છે તો તમે મને ડીઝલ મોકલાવી આપશો. ત્યાર પછી રમેશભાઈ નાગજીભાઈ ભીમાણીનો તેઓને ફોન આવેલ કે આપણે એક પાર્ટીને ડીઝલ મોકલવાનુ છે તો તેઓએ તેમને જણાવેલ આપણે બપોર બાદ મોકલી આપીશુ. આશરે ચાર વાગ્યાની આજુબાજુ રમેશભાઈ કરશનભાઈ કાસુન્દ્રાનો ફરીથી ફોન આવેલ કે તમે ડીઝલ કયારે મોકલો છો. તો તેવા સમયે પંપ સંભાળનાર રમેશભાઈ નાગજીભાઈ ભીમાણીએ તેઓ સાથે પેમેન્ટની વાત કરી. સામેના પક્ષેથી જણાવ્યુ કે તમને રોકડા રૂપીયા આપી દેશુ. ત્યારબાદ રમેશભાઈનો તેમનામાં ફોન આવેલ કે તે પાર્ટી આપણને રોકડા પેમેન્ટ આપી દેશે. ત્યારબાદ તેઓએ તેમની માલીકીની ગાડી જી.જે.૩૬.ટી–૮૧૯૩ હજાર લીટર ડીઝલ ભરીને પીઠડ ગામે મોકલી આપેલ. થોડીવાર પછી રમેશભાઈ નાગજીભાઈ ભીમાણીને ફોન આવ્યો કે તમે જે પીઠડ ગામે ડીઝલ ભરવા માટે ગાડી મોકલી છે તે ચીટર ગેંગ છે અને તમને રોકડા રૂપીયા આપશે નહી. ત્યારબાદ રમેશભાઈનો તેમનામાં ફોન આવેલ કે આપણે જે જગ્યાએ ડીઝલ મોકલ્યુ છે તે પાર્ટી બોગસ છે. તેઓએ તેમને જણાવેલ કે તેઓએ જેટલુ ડીઝલ ઉતારેલ છે તેના રોકડા રૂપીયા લઈ લેવા અને ત્યારબાદ રમેશભાઈ નાગજીભાઈ ભીમાણીએ ડ્રાયવરને ફોન કરીને જણાવેલ ડીઝલ જેટલુ ઉતારે તેના રોકડા

રૂપીયા પહેલા લઈ લેવા પણ ત્યા સુધીમા અંદાજીત ૪૪૦ લીટર કિમત રૂ.૩૩૪૧૪/– રૂપીયાનુ ડીઝલ ઉતારી આપ્યુ હતુ. ત્યારબાદ ડ્રાયવરે પેમેન્ટ માટેની વાત કરી તો સામેના પક્ષેથી જે રમેશભાઈ કરશનભાઈ કાસુન્દ્રા કે જેનુ સાચુ નામ રમેશ કરશન પઢીયાર છે અને તેમની સાથે બીજા ભાઈ પણ સાથે હતા તેઓએ ડ્રાયવરને કહેલ કે તમે ઘરે આવો તમને રોકડા રૂપીયા આપી દઈએ. ત્યારબાદ ડ્રાયવર તેમની સાથે તેમના ઘરે જાય છે. તેમની ઘરે જાય છે ત્યારે રમેશ કરશન પઢીયાર અને રમણીક ચમન પઢીયાર અને તેમની સાથે રહેલા અન્ય વ્યકિતઓએ ડ્રાયવરને ધમકી આપતા કહેલ કે તુ અહીથી ચાલ્યો જા. તેમને હથીયાર બતાવ્યા કે તુ જઈશ નહી તો તને મારી નાખીશુ અને ઘણીબધી ભુંડી ગાળો આપીને ડ્રાયવરને કહે છે. તેવા સમયે ડ્રાયવર પોતાનો જીવ બચાવી વધેલ ડીઝલ લઈને પાછા પેટ્રોલ પંપ ઉપર આવી જાય છે. તેઓ જયારે પેટ્રોલ પંપ પર ગયા ત્યારે જે રમેશભાઈ કરશનભાઈ કાસુન્દ્રાનુ નામ આપીને ડીઝલ મંગાવેલ તે પાર્ટી ચીટર પાર્ટી છે જેનુ સાચુ નામ રમેશ કરશન પઢીયાર અને રમણીક ચમન પઢીયાર છે અને તેઓની સાથે અન્ય વ્યકિતઓ પણ હતા. આ રીતે તેઓની સાથે ૪ ૪૦ લીટર ડીઝલ કિમત ૩૩૪૧૪/– રૂપીયાની છેતરપીંડી કરેલ છે. ત્યારબાદ બીજા દિવસે સવારે નજીકના પોલીસ સ્ટેશન એટલે કે મોરબી ગયા. ત્યા ગયા બાદ એવુ કહેવામા આવ્યુ કે તમારો જે બનાવ બન્યો છે તે તેઓના વિસ્તારમા નથી. તેથી તેઓ જોડીયા પોલીસ સ્ટેશને આવેલા. જોડીયા પોલીસ સ્ટેશને આવીને પણ એ જ કહેવામા આવ્યુ કે તમે મોરબી જઈને ફરીયાદ કરો. ત્યારબાદ તઓ મોરબી પોલીસ સ્ટેશને આવ્યા ત્યારે તેઓએ જણાવ્યુ કે તમારો જે બનાવ બન્યો છે તે પીઠડ ગામમા જ બન્યો છે. પીઠડ ગામ જોડીયા તાલુકામા આવે. તમારે ત્યા જઈને જ કેસ કરવાનો રહેશે. ત્યારબાદ તેઓ જોડીયા પોલીસ સ્ટેશને આવ્યા અને તેઓની સાથે આવેલ એક પત્રકાર

ભાઈની રજુઆત દ્રારા એસ.પી.સાહેબને ફોન કરતા તેઓનો કેસ દાખલ કરવામા આવ્યો. ત્યારબાદ પોલીસે એકશન લેતા અને માનનીય કોર્ટમા આદેશ દ્ધારા અંદાજીત ૨૨૦ લીટર જેટલુ ડીઝલ તેમને પરત મળ્યુ. તેઓને અસલ ફરીયાદ બતાવ તા પોતાની સહી ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં વકિલશ્રી દ્ધારા સંકલ્પ કિશાન સેવા કેન્દર નામનો પેટ્રોલપંપ કોની માલીકીનો છે તેવો પ્રશ્ન પુછતા તેના જવાબમાં જણાવેલ કે ભગીરથભાઇ જગજીવનભાઇ કડીવાર એટલે કે પોતાની માલીકીનો છે. વધુમાં સદર સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકિકતો જણાવે છે કે, ફરીયાદ દાખલ થયા બાદ તેઓ કેસના કામે જોડીયા પોલીસ સ્ટેશનના અધિકારીને ત્રણ વખત મળેલો, તેઓ આ પેટ્રોલપંપનો માલીક છે તેનો આધાર તેઓએ જોડીયા પોલીસને આપેલો, તેઓએ પોતાના પેટ્રોલપંપનુ બીલ માલીકીના આધાર તરીકે આપેલુ. વધુમાં સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, જે તે કોઈ કંપની દ્ધારા કે મામલતદારશ્રી દ્ધારા આ પેટ્રોલપંપના માલીક આ વ્યકિત છે તેવો લેખીતમા તેની સહી સાથે જે આધાર આપે તેને માલીકીનો આધાર કહેવાય. વધુમાં સદર સાહેદે પોતાની ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેઓએ રમેશભાઈ નાગજીભાઈ ભીમાણી આ પેટ્રોલપંપના મેનેજર છે તે બાબતે પેટ્રોલપંપના લેટર પેડ ઉપર કે બીજી કોઈ લેખીત આધાર જોડીયા પોલીસ સ્ટેશનને આપેલ નથી. વધુમાં એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓએ જે ફરિયાદ આપી તેમા વર્ણવેલ તમામ હકીકત અથવા બનાવ સમયે તેઓ જે તે જગ્યાએ તે સમયે હાજર ન હતા, પેટ્રોલપંપ ના સંચાલન અને વેચાણ માટે મેનેજરને ઘટતુ કરવા માટે તેઓ દ્ધારા સતા આપવામા આવેલ, એક હજાર લીટર ડીઝલ તે મોટી માત્રા નથી. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, તેઓએ જોડીયા પોલીસને જી.જે.૩૬.ટી–૮૧૯૩ નુ વાહન તેઓની કે પેટ્રોલપંપની માલીકીનુ છે તે બાબતની આર.સી.બુક આપેલી. એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે ૬૩૫૩૨૬૩૬૦૪ નંબરનો મોબાઈલ પેટ્રોલપંપની માલીકીનો કે તેના નામનો નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે તેઓના નામ ઉપર છે અને પેટ્રોલપંપ

ઉપર રાખે છે. વધુમાં જણાવે છેકે, તેઓના નામ ઉપર કુલ ૪ મોબાઈલ નંબર છે, તેઓના પેટ્રોલપંપ ઉપર હીસાબ લખાવ માટે કર્મચારી રાખેલ છે, આ હીસાબ તેઓ કોમ્પ્યુટર તથા ચોપડામા બન્ને પ્રકારે રાખે છે અને બન્ને માટે અલગ અલગ વ્યકિત છે.

એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે આખા દિવસમા સવાર થી સાંજ સુધી થયેલ વેચાણનો વ્યવહાર અને તે બાબતના આવેલા રૂપીયાનો તમામ હીસાબ ચોપડા અને કોમ્પ્યુટર બન્નેમા સાંજે લખાય જાય છે. સાહેદ વધુમાં જણાવે છે કે આ કહેવાતો વ્યવહાર અમોએ ચોપડામા અને કોમ્પ્યુટરમા લખેલ છે પરંતુ જોડીયા પોલીસને આપેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોલીસે માંગેલ નથી તેથી આપેલ નથી.

વધુમાં જણાવે છે કે તેઓએ આ હીસાબ આપેલ હોય અને જોડીયા પોલીસે લેવાની ના પાડેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે તેઓને તેઓના મેનેજરને આ પાર્ટી ચીટર છે માટે ડીઝલ ન આપતા તે જણાવનાર વ્યકિતનુ નામ તેમજ મોબાઈલ નંબર તેઓએ પોતાની ફરીયાદમા જણાવેલ નથી. વધુમાં જણાવે છે કે, તેઓના મેનેજરને ફોન કરનાર વ્યકિતએ તેનુ નામ કહેલ નહી.

એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે મોબાઈલ કરનાર વ્યકિતના નંબર તેઓના મોબાઈલમા આવી જાય જો તેઓએ ધાર્યુ હોત તો તેઓના મોબાઈલમાથી તે નંબર કાઢીને તે પોતાની ફરીયાદમા લખાવી શક્યો હોત. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, તે કહેવાતા બનાવ બન્યાની જાણ થયા પછી પેટ્રોલપંપ ઉપર સાંજના સાડા સાત વાગ્યે પહોચેલ, તેઓએ ત્યારબાદ જે નંબર ઉપરથી ફોન આવ્યો તે નંબર ઉપર ફોન કરતા તે મોબાઈલ નંબર સ્વીચ ઓફ આવતો હતો, પછી બીજા દિવસે સવારે મોરબી તાલુકા પોલીસ સ્ટેશને સવારે નવ સાડા નવે પહોચી અને ફરીયાદ લેવા બાબતે જણાવેલુ, તેઓએ ના પાડતા અમો બપોર પછી અઢી થી ત્રણ વાગ્યાના અરસામા જોડીયા આવેલા, મોરબી પોલીસ સ્ટેશને તેઓને કલાક દોઢ કલાક જેવો

સમય લાગેલો, જોડીયા પોલીસ સ્ટેશનમા તેઓને એક દોઢ કલાક જેટલો સમય લાગેલો અને ત્યા તેઓને ફરીયાદ લેવાની ના પાડેલી, તેથી તેઓ પાછા ઘરે જતા રહેલા, ત્યારબાદ બીજા દિવસે તેઓ મોરબી તાલુકા પોલીસ સ્ટેશને ગયેલા, ત્યા તેઓને જોડીયાનો બનાવ હોય જોડીયામા જ ફરીયાદ થાશે તેવું જણાવેલ, ત્યા તેઓને દોઢ થી બે કલાક લાગેલી. આ મોરબી પોલીસ સ્ટેશને તેઓ સવારે નવ થી દશ વાગ્યાની આસપાસ ગયેલા. ત્યારબાદ તેઓ બે થી ત્રણ દિવસ પછી જોડીયા આવેલા, બપોર પછી બે વાગ્યે જોડીયા આવેલા, ત્યા તેઓને ફરીયાદ આપતા ત્રણ થી ચાર કલાક જેટલો સમય લાગેલો, ત્યારબાદ તેઓ રાત્રીના આઠ સાડા આઠ ના અરસામા પરત નીકળી ગયેલા. વધુમાં સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે ફરીયાદ દસ દિવસ મોડી શા માટે આપી તેનુ કારણ ફરીયાદમા જણાવેલ નથી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, તેઓના મેનેજર દરેક વસ્તુઓ તેમને પુછી પુછીને કરતા નથી પરંતુ કોઈ નવી પાર્ટી કે કોઈ નવુ વેચાણ હોય તો તેમની સાથે ચર્ચા કરી આગળ વધે છે, તેઓ પોતાનું મીત્રાય ગ્લાસ કટીંગ નામનુ મારુ બીજુ યુનીટ, રાજપર અને સનાળા વચ્ચે આવેલ છે તેઓ ત્યા બેસે છે, તેઓના પેટ્રોલપંપની આ જગ્યાનુ અંતર દશેક કીલોમીટર થતુ હશે, તેઓ પોતાની ફોરવ્હીલ કાર ધરાવે છે અને ડ્રાઈવ પણ કરે છે, તેઓએ ફરીયાદ સહી કરતા પહેલા વાંચેલી, આજે પણ જુબાની આપતા પહેલા વાંચેલી. વધુમાં સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓએ પોતાની ફરીયાદમા " રમેશભાઈ કરશન કાસુન્દ્રાનુ સાચુ નામ રમણીક ચમન પઢીયાર છે" તેવુ લખાવેલ છે. સાહેદ જણાવે છે કે રમેશ કરશન પઢીયારનુ નામ પણ લખાવેલ છે. એ હકિકતનો પણ સ્વિકાર કરે છે કે, તેઓની ફરીયાદમા "રમેશભાઈ કરશન કાસુન્દ્રાનુ સાચુ નામ રમણીક ચમન પઢિયાર છે અને તેની સાથે રમેશ કરશન પઢીયાર હતો " તેવુ લખાવેલ છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે તેઓનાં ડીઝલ સપ્લાય વાહનના ડ્રાઈવર થોરાળા ગામના રહેવાસી છે, બનાવ બન્યાના દોઢેક વર્ષ પહેલાથી તેઓને ત્યાં કામ કરે છે, સવારથી સાંજ સુધી તે પેટ્રોલપંપ ઉપર નોકરી માટે હાજર હોય છે પરંતુ જો રાત્રે કયારેય ડીઝલ મોકલવાનુ થાય તો પણ તે જાય છે, આ ડ્રાઇવરને ડીઝલ નાખવા માટે અઠવાડીયે એક વખત પીઠડ ગામે ડીઝલ

નાખવા જવાનુ થાય છે, કોઈનો ફોન આવે તો તેને ત્યા અથવા તો અઠવાડીયામા એક વખતે રુટ મુજબ ડીઝલ વેચાણ માટે પીઠડ જાય છે, તેઓ જે ડીલવરી કરવાનું જણાવે છે તે અઠવાડીયામા એક વખત ડીઝલનુ નાનુ ટેન્કર ભરીને પીઠડ ગામે જાય અને જેને જોતુ હોય તેને ડીઝલ વેચાણથી આપે, આવી રીતે તેઓ ડીઝલ વેચે તો તેનુ બીલ બીજા રાઉન્ડમા જયારે ડીઝલ આપવા જાય ત્યારે જે તે આસામીને તેના નામનુ બીલ આપે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મોબાઈલમા વોટસએપ પણ કરી દઈએ. એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે તેઓએ પોતાની ફરીયાદમા કયાંય તમે ઘરે આવો તમને પેમેન્ટ આપી દેશુ તેવુ લખાવેલ નથી, તેઓએ પોતાની ફરીયાદમા કયાંય રમેશ કરશન કાસુન્દ્રા કે જેનુ સાચુ નામ રમેશ કરશન પઢીયાર છે તેવુ લખાવેલ નથી તેમજ એ લોકોએ હથીયાર બતાવેલા તેવુ પણ કયાંય મારી ફરીયાદમા જણાવેલ નથી, તેઓએ પોતાની ફરીયાદમા નામદાર કોર્ટના હુકમ પછી અમોને ૨૨૦ લીટર ડીઝલ પરત આપેલ છે તેવુ લખાવેલ નથી. સાહેદ જણાવે છે કે, ફરીયાદ આપ્યા બાદ મુદામાલ પરત કરવામા આવેલ તેથી લખાવેલ નથી, ૪૪૦ પ્લસ ૨૨૦ એટલે ૬૬૦ થાય છે, તેઓના કહેવા મુજબ તેઓનો ડ્રાઈવર એક હજાર લીટર ડીઝલ લઈને ગયેલો. વધુમાં એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે જે જગ્યાએ ડીઝલ ઉતાર્યુ તે જગ્યાએથી ઘરે પેમેન્ટ લેવા આવ્યા ત્યારે પૈસા આપવાની ના પાડી તે પહેલા પૈસા આપવાની કયાંય ના પાડેલી નહી.

વધુમાં સાહેદ જણાવે છે કે, તેઓની ડીઝલની ગાડીમા કેટલુ ડીઝલ ઉતાર્યુ અને તેના કેટલા પૈસા થયા તેની દરેક વિગત ટેન્કર પાછળ આવેલા મશીનમા નોંધાય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ૪૪૦ લીટર ડીઝલ ઉતારેલ અને બાકીનુ ડીઝલ પેટ્રોલપંપે આવીને વાહન જેમનુ તેમ રાખી દેવામા આવેલ અને ડીઝલનો જથ્થો તપાસેલો. વધુમાં જણાવેલ છે કે, આ ડીઝલ ઉતાર્યાની નોંધ તેઓએ ટેન્કર પાછળના મશીનમાથી કાઢી અને જોડીયા પોલીસ સ્ટેશને આપેલી, આ વિગત તેઓએ જોડીયા પોલીસને બનાવ બન્યો ત્યાર પછીની પહેલી તારીખે આપેલી, પ્રીન્ટ તેઓએ પહેલા કાઢી રાખેલી. એ હકિકતનો સ્વિકાર કરે છે કે આ રીતે ૪૪૦ કે ૪૫૦ લીટર

ડીઝલ બીજા કોઈને વેચાણ આપેલ હોય તો તેની પ્રીન્ટ પણ તેઓની પાસે નીકળી શકે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે આ જે પ્રીન્ટ આપવાનુ કહે છે તેમા ડીઝલની માત્રા અને રૂપીયા એ બે વસ્તુ નીકળે ગામ કે વેચાણ લેનાર વ્યકિતનુ નામ તેમા નીકળે નહી.

સદર સાહેદે એ સિવાયની ઉલટતપાસમાં પુછવામાં આવેલ તમામ હકિકતનો ઈન્કાર કરેલ છે.

(૮.૬) ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૪૪ થી સાહેદ રમેશભાઇ નાગજીભાઇ ભીમાણીનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી ભગીરથભાઇ જગજીવનભાઇ તેઓના જમાઇ થાય છે ચાચાપર ગામે ભગીરથભાઇ જગજીવનભાઇ ને સંકલ્પ કિશાન સેવા નામે પેટ્રોલપંપ આવેલ છે ત્યાં તેઓ મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. સદર બનાવને અંદાજે ચાર વર્ષ જેટલુ થયેલુ છે. સદર બનાવ આ પેટ્રોલપંપ પાસે સાંજના ૪–૫ વાગ્યાની આસપાસ બનેલો. તેઓનો મો.નં. ૬૩૫૩૨૬૩૬૦૪ વાળા મોબાઇલ નંબર પર રમેશભાઇ કરશનભાઇ કાસુન્દ્રાઓએ ફોન કરેલ અને જણાવેલ કે તેઓને ૧૦૦૦ લીટર ડીઝલ ભરવાનું કહેલ તે વાત તેઓએ તેઓના જમાઇને જણાવેલ અને તેઓના જમાઇએ કહેલ કે કોઇ રોકડુ પેમેન્ટ દેતુ હોય તો ડીઝલ ભરી દો. જેથી તેઓએ પેટ્રોલપંપ પર રહેલ ડીઝલ ભરેલી ગાડી મોકલેલ અને તેઓના માણસોએ ત્યાં ૪૪૦ લી. જેટલુ ડીઝલ ભરેલ અને ત્યાં કોઇક અજાણ્યા વ્યક્તિનો તેઓના ફોન પર ફોન આવેલ અને કહેલ કે પૈસા રોકડા લઇને પછી કામ કરજો નહીતર તમને છેતરી જશે. જેથી તેઓના માણસોએ ૪૪૦ લી. જેટલુ ડીઝલ ભરેલુ પછી રોકી દેતા આ લોકો જોડે જીભાજોડી થયેલી. જેથી તેઓએ તેમના માણસોને કહેલ કે આ ડીઝલનો ટાંકો પરત લઇ લો. તેઓને ડીઝલના અંદાજે રૂ.૩૩,૦૦૦/– જેટલા બાકી હોય જેથી તેઓએ તપાસ કરતા આ ભાઇનું નામ રમેશભાઇ પઢીયાર નામે હતા તેમ જાણવા મળેલ.

જેથી તેઓના જમાઇએ આ કામના આરોપી વિરુધ્ધ જોડીયા પો.સ્ટે.માં આપેલ હતી.

સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતા પુછવામાં આવેલ હકિકતનો ઈન્કાર કરેલ છે.

(૮.૭) ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૪૫ થી સાહેદ કાનાભાઇ રતાભાઇ રગીયાનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી ભગીરથભાઇ તેઓના શેઠ થાય છે અને તેઓ ચાચાપર ગામમાં આવેલ સંકલ્પ કીશાન નામના પેટ્રોલપંપમાં ડીઝલનું ટેન્કર ચલાવે છે. સદર બનાવ આશરે ચારેક વર્ષ પહેલા બનેલ આ બનાવ પીઠડ ગામે સાંજના સમયે બનેલ. તે કામ કરતા તે પેટ્રોલપંપના મેનેજર રમેશભાઇએ તેઓને ફોન કરીને કહેલ કે પીઠડ ગામે ડીઝલ ભરવાનું જણાવેલ અને ત્યારં એક ભાઈ રસ્તા ઉપર આવશે અને તેમને જણાવશે તેની સાથે જવાનું કહેલ અને તેઓ ડીઝલ ભરેલ ટાંકો લઇને પીઠડ ગામે ઉભો રહેલ પછી ફોન કરી જણાવેલા વ્યકિત રમેશભાઇ ત્યાં આવેલા અને આવીને વ્યક્તિએ તેઓને જણાવેલ કે તેઓની પાછળ પાછળ આવો જેથી તેઓ પાછળ ગયેલા. પીઠડ ગામથી આગળ ત્યા ઉભા રહેલા ત્યાં એક ટ્રેકટર પડેલુ હતુ તેમાં બેરલો ભરવાના હતા અને તેઓએ રમેશભાઇને જણાવેલ કે તેઓ ત્યાં પહોંચી ગયેલ છે તેથી તેઓ આ ડીઝલ ખાલી કરે કે કેમ? તેમ પુછેલ. ત્યારે રમેશભાઇ (મેનેજર)એ જણાવેલ કે તેઓને વાત થઇ ગયેલ છે. એટલે તમો તેમને ડીઝલ ભરી આપો. આ ડીઝલ ભરવાની કામગીરી ચાલુ હતી ત્યારે ૨૦ મીનીટ બાદ રમેશભાઇનો ફોન આવેલ અને જણાવેલ કે જે ભર્યું છે તેનાથી વધું હવે ભરતા નહી અને જે ડીઝલ ભર્યુ તેના પૈસા આપે પછી બીજુ ડીઝલ ભરી આપજો. જેથી તેઓએ ત્યાં ઉભેલા વ્યક્તિને જણાવેલ કે રમશેભાઇનો ફોન આવેલ અને ડીઝલ ભરવાની ના પાડી છે અને ડીઝલ ભરેલ છે તેના રોકડા પૈસા આપશો પછી બીજા પૈસા આપીશુ. ત્યારે ત્યાં ઉભેલા વ્યક્તિએ રમેશભાઇ સાથે વાત કરેલ કે, ડીઝલના પૈસા તેઓ ધરે આવીને આપી જશે.

જેથી તેઓ ત્યાં હાજર હતા તે વ્યક્તિની સાથે ધરે ગયેલો. ત્યાં તેઓને શેરીની બહાર બેસાડીને પૈસા લેવા ધરે ગયેલા પરંતુ તે આવેલ નહી. ત્યારે તેઓએ રમેશભાઈને ફોન કરીને જણાવેલ કે તેઓનો નોકરીનો ટાઇમ પુરો થઇ ગયેલ હોય વધુ ટાઇમ આપી શકે નહીં. જેથી થોડીવાર બાદ તે વ્યક્તિ ધરેથી પરત આવીને કહેલ કે તમારા મેનેજર સાથે વાત થઇ ગયેલ છે એટલે તમે અહીથી ભાગી જાવ એટલે તેઓએ કહેલ કે તેઓના શેઠને પુછવુ પડે પછી જાવ. પછી તેઓએ તેમના શેઠને જણાવેલ અને શેઠે કહેલ કે પૈસા વિના ચાલશે નહી અને તેઓને તે વ્યક્તિએ જણાવેલ કે બધી વાત થઇ ગયેલ છે છાનામાના અહીંથી ચાલ્યા જાવ ત્યારબાદ તેઓ સીધા પેટ્રોલપંપ ગયેલા ત્યારબાદ તેઓએ ગાડી ત્યાં રાખી મેનેજરને જણાવી તેઓ ધરે પરત જતા રહેલા. આ કામની ફરીયાદ પેટ્રોલપંપના માલીકે આપેલી. પોલીસે તેઓની પુછપરછ કરેલી આરોપીને તેઓએ જોયેલ નહી તેથી તેઓ ઓળખી શકે નહી અને તેઓના ડીઝલના ટાંકામાં ૧૦૦૦ લી. જેટલુ ડીઝલ હતુ અને ત્યાં બે બેરલ અંદાજીત ૪૨૦–૪૪૦ લી. ભરેલ જેની કિંમત તેઓને હાલ યાદ નથી.

સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓના શેઠે તેમને જણાવેલ કે પૈસા ના આપે તો ડીઝલ ભરેલી ગાડી પાછી લઇને આવતારહો. સદર સાહેદે એ સિવાય ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતનો ઈન્કાર કરેલ છે.

(૮.૮) ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–પર થી તપાસ કરનાર અમલદાર સોનલબેન વલ્લભદાસ સામાણીનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૧/૦૭/૨૦૨૦ના રોજ તેઓ પો.સબ.ઈન્સ. તરીકે જોડીયા પો.સ્ટે.માં ફરજ પર હતા. ત્યારે આ કામના ફરીયાદી ભગીરથભાઇ જગજીવનભાઇ કડીવારની ફરીયાદ મુજબ તેઓ ચાચાપર ગામ ખાતે સંકલ્પ કીશાન સેવા કેન્દ્ર નામે પેટ્રોલપંપ ચલાવે છે તેમા મેનેજર તરીકે તેના સસરા રમેશભાઈ ભીમાણીને તા.૨૧/૦૬/૨૦૨૦ ના રોજ તેના પેટ્રોલપંપ ના મો.નં. પર ફોન આવેલ અને પીઠડ ગામથી

રમેશભાઇ કરશનભાઇ કાસુન્દ્રા બોલે છે તેઓ હીટાચી વિગેરે વાહનો ધરાવે છે અને તેઓને ૧૦૦૦ લી. ડીઝલ જોઇએ છે તેવુ રમેશભાઇને જણાવેલ જેથી આ ભગીરથભાઇ કડીવારને તેઓએ જણાવેલ જેથી આ ડીઝલનો જથ્થો તેઓને પીઠડ ગામે તેઓની માલીકીની ગાડીમાં કાનાભાઇ ડ્રાઇવરની સાથે મોકલવા જણાવેલ. ત્યારબાદ આ કાનાભાઇ ડીઝલનો જથ્થો લઇને પીઠડ ગામે ગયેલ. ત્યારબાદ રમેશભાઇના ફોનમાં ફોન કરીને કોઇએ જણાવેલ કે આ પાર્ટી ચીટર છે જેથી ડીઝલનો જથ્થો ત્યાં નહી આપવા જણાવેલ આથી રમેશભાઇએ ડ્રાઇવર કાનાભાઇ ભગીચાને ફોન કરીને જણાવેલ કે જેટલો જથ્થો ઉતારેલ છે તેના પૈસા લઈ બાકીનો જથ્થો લઈ પેટ્રોલપંપે આવવા જણાવેલ. આ ડીઝલનો જથ્થો મેળવવા માટે જે રમેશભાઇએ ફોન કરેલ જેનું સાચુ નામ રમણીકભાઇ ચમનભાઇ પઢીયાર હોય અને તેની સાથે સહ આરોપીમાં રમેશભાઈ કરસનભાઇ પઢીયાર હોય જેઓએ આ જથ્થો ૪૭૦ લી. જેની આશરે. કી.રૂા.૩૩,૦૦૦/– ઉતારી નહી ચુકવેલ જેથી આ ડ્રાઇવર કાનાભાઇ ભગીચાએ પૈસાની માંગણી કરતા તેઓને ધાક ધમકી આણી જાનથી મારી નાંખવાનું કહેલ તેમજ ભુંડી ગાળો બોલી પૈસાની નહી આપી વિશ્વાસઘાત તેમજ છેતરપીંડી કરેલ. આ મુજબની ફરીયાદ ફરીયાદી ભગીરથભાઇ જગજીવનભાઇ કડીવારે તા.૦૧/૦૭/૨૦૨૦ ના રોજ તેઓની રૂબરૂ કેરલ. ત્યારબાદ ફરીયાદીની રજીસ્ટર થવા તેઓએ પી.એસ.ઓ.શ્રી જી.જી.જાડેજા નાઓને રજીસ્ટર થવા મોકલી આપેલ. સદર ફરીયાદને રજીસ્ટર થયેથી તપાસ અર્થે તેઓને ડેપ્યુટ કરેલ તેઓએ લગાતા વળગતા સાહેદોના નિવેદનો લઇ અને આરોપીઓનું અટક પંચનામુ તેમજ મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ કરેલ તેઓને આંક ૦૭ વાળુ આરોપીનું અટક તેમજ મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ બતાવતા તેમા બે પંચોની સહી છે તેમજ રૂબરૂ તરીકે તેઓની સહી છે તે જ છે. તેઓને આંક ૨૦ વાળું આરોપીનું અટક તથા મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું બતાવતા તેમા બે પંચોની સહી છે તેમજ રૂબરૂ તરીકે તેઓની સહી છે. ત્યારબાદ એમ.આર.વાળાનાઓએ ચાર્જશીટ કરેલ. આરોપીઓને જોયે ઓળખતા હોવાનું જણાવેલ.

સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, આ કામના ફરીયાદીએ તેઓ રૂબરૂ ફરીયાદ આપેલ ત્યારે અને તેઓએ જે તપાસ કરેલ તે દરમ્યાન ૨૧/૦૬/૨૦૨૦ વાળા બનાવની ફરીયાદ તા:–૦૧/૦૭/૨૦૨૦ ના રોજ એટલે કે ૧૦ દિવસ મોડી શા માટે આપેલ તેનું કોઈ કારણ કે તેનો કોઈ ખુલાસો તેઓ રૂબરૂ કરેલ નથી, જે મોબાઈલથી વાત થયાનું જણાવે છે તે મોબાઈલ કોના હતા અને તે કોણ ચલાવતુ હતુ તેના કોઈ માલીકીના આધાર તેઓએ પોતાની તપાસ દરમ્યાન કબજે કરેલ નથી, સંકલ્પ કિશાન સેવા સંઘ નામનો પેટ્રોલપંપ કોની માલિકીનો છે તે બાબતનો કોઈ આધાર કે તે પેટ્રોલપંપનું લાઈસન્સ તેઓએ પોતાની તપાસ દરમ્યાન કબજે કરેલ નથી, પેટ્રોલપંપેથી બીજી જગ્યાએ ડીલીવરી આપવા જવા માટે ઉપયોગમાં લેવાતુ નાનુ ટેન્કરની ડીલીવરી બાબતે જે કંપનીનો પેટ્રોલપંપ હોય તેની કંપનીની મંજુરી લેવી પડે, હાલની ફરીયાદ વાળા પેટ્રોપપંપ બાબતે આ ડિલીવરી વાહન ચલાવવા માટે કંપનીની મંજુરી લીધેલ હોય તેવી કોઈ મંજુરી તેઓએ પોતાની તપાસના કામે કબજે કરેલ નથી, તેઓએ પોતાની તપાસ દરમ્યાન કબજે કરેલ મુદામાલ નામ. કોર્ટના હુકમ વગર પરત કરી શકે નહી, આરોપીઓની ઓળખ બાબતે તેના ડ્રાઈવર માલિક કે મેનેજર કોઈની મામલતદાર રૂબરૂ ઓળખ પરેડ કરાવેલ નથી, ફોન કરનાર વ્યક્તિ રમેશભાઈ કાસુન્દ્રા કે આરોપી નં–૧ વાળા રમણીકભાઈ ચમનભાઈ પઢિયાર હતા તેવુ દર્શાવવા માટે કોઈ દસ્તાવેજ કે આધાર તેઓએ પોતાની તપાસ દરમ્યાન કબજે કરેલ નથી, તેઓ જે પેટ્રોલ પંપ સંકલ્પ કિશાન સેવા સંઘ વાળો પેટ્રોલપંપ જણાવે છે તે મોરબી તાલુકા જીલ્લામાં આવેલો છે.

સદર સાહેદે એ સિવાય ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતનો ઈન્કાર કરેલ છે.

(૮.૯) ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૫૫ થી ચાર્જશીટ કરનાર મેઘરાજસિંહ રણજીતસિંહ વાળાનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની સોગંદ ઉપરની

જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૦નમાં જોડીયા પો.સ્ટે. માં પો.સબ ઇન્સ. તરીકે ફરજ પર હતા તે દરમ્યાન જોડીયા પો.સ્ટે. ગુ.રજી. નં.૦૧૮૪/૨૦૨૦, ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦ વિ. ગુનાના કામેની તપાસ તેઓના પુરોગામી તપાસ કરનાર અધિકારી સોનલબેન વલ્લભદાસ સામાણીનાઓ દ્ઘારા કરવામાં આવેલ અને સદર તપાસના કાગળો તેમની બદલી થતા તેઓ તરફ આગળની કાર્યવાહી માટે સોંપેલ જે અન્વયે આ કામના આરોપીઓ વિરૂદ્ઘ પુરતા પુરાવા હોય તેઓએ નામ.કોર્ટમાં ચાર્જસીટ કરેલ. આરોપીઓને જોયેથી ઓળખતા હોવાનુ જણાવેલ છે

સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓએ પોતાની તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજો કબ્જે કરેલ નથી. સદર સાહેદે એ સિવાય ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતનો ઇન્કાર કરેલ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ</u>**

**(૦૯)** હવે ફરિયાદપક્ષે રજૂ થયેલ તમામ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, આ કામે આરોપીની અટક તથા મુદ્દામાલ કબ્જે કર્યાનાં પંચનામાનાં પંચ સાહેદોએ પંચનામામાં પોતાની સહી સિવાયની પંચનામાની કોઇ હકિકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. વિદ્ઘાન એપીપીશ્રી દ્ઘારા પંચ સાહેદોને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે. જેથી પંચનામાની હકિકત સાબીત થઇ શકેલ ન હોય, આરોપીની અટક તથા મુદ્દામાલ કબ્જે કર્યાનાં પંચનામા પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

આ કામે આરોપી વિરૂદ્ઘ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ તથા ૫૦૬(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે તે હકિકત જોવામાં આવે તો ફરીયાદી દ્ઘારા પોતાની ફરીયાદમાં પોતાના પેટ્રોલપંપના ડ્રાઇવર સાહેદ કાનાભાઇ રબારીને આરોપીઓએ ભુંડી ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે. પરંતુ સદર સાહેદ

કાનાભાઇ રતાભાઇ રગીયાની આંક–૪૫ વાળી સોગંદ ઉપરની જુબાની જોવામાં આવે તો સદર સાહેદ દ્વારા પોતાના પુરાવામાં આરોપીઓએ ગાળો કાઢી હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી કોઇ હકિકત જણાવેલ નથી. આરોપીઓ સાથે તેઓને કોઇ ઝઘડો થયો હોઇ કે બોલાચાલી કે ગાળાગાળી થયેલ હોય તેવી કોઇ હકિકત સદર સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ નથી. ફરીયાદપક્ષ દ્વારા જેની સાથે ગાળો આપવાનો અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવા બાબતનો બનાવ બનેલાની હકિકત જણાવેલ છે તે સાહેદ દ્વારા જ તે બનાવ હકિકતને સમર્થન મળેલ નથી. વધુમાં સદર સાહેદ દ્વારા પોતાની સરતપાસમાં આરોપીને તેઓએ જોયેલ નથી તેથી ઓળખી શકુ નહી તેવી હકિકત જણાવેલ છે. આમ ફરીયાદી તથા અન્ય સાહેદો દ્વારા સદર સાહેદને આરોપીઓ દ્વારા ગાળો આપવામાં આવેલ તથા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવેલાની હકિકત જણાવેલ છે જ્યારે સદર સાહેદ દ્વારા આવી કોઇ હકિકત જણાવેલ નથી. ફરીયાદપક્ષની ફરીયાદ હકિકતમાં તથા સાહેદોની જુબાનીમાં મોટો વિરોધાભાષ ઉભો થાય છે. આ કામે સાહેદ કાનાભાઇનું અપમાન કરવામાં આવેલ હોઇ કે ગુનાહિત ધમકી આપેલ હોય તેવી હકિકત સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

ત્યારબાદ આ કામે આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬ તથા ૪૨૦ મુજબના ગુનાનો આક્ષેપ છે તે જોવામાં આવે તો, ગુનાહિત વિશ્વાસઘાત તથા છેતરપિંડી બંન્ને ગુના એક જ વ્યવહારમાં ન બની શકે. તેમ છતાં ઠગાઇ કરીને કે વિશ્વાસથી મિલકતની સોંપણી સાબિત કરવી જરૂરી છે. જો સોંપણી જ સાબીત ન થાય તો એક પણ ગુના હેઠળ આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય નહી. ફરીયાદપક્ષ દ્વારા આરોપીઓને કહેવાતો ડીઝલનો જથ્થો આપેલ હોઇ તેના કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. ડીઝલ વેચાણ બાબતનું કોઇ બીલ રજુ કરવામાં આવેલ નથી કે આરોપીઓ દ્વારા કોઇ ડીઝલનો ઓર્ડર આપેલ હોઇ તેનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. જો ફોન પર વ્યવહાર થયેલ હોઇ તો આવો ફોન તથા તેના કોલ રેકોર્ડીંગ્સ તથા કોલ હીસ્ટ્રી જેવા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

આ કામે આંક–૨૮ થી તપાસવામાં આવેલ સાહેદ નીતિનભાઇ વશરામભાઇ દઢાણીયા તથા આંક–૨૯ થી તપાસવામાં આવેલ સાહેદ રાયમલભાઇ જીવણભાઇ રગીયાનાઓ હીયરસે વીટનેસ છે. તેઓને બનાવની વાતોવાતથી જાણ થયેલ છે. ત્યારબાદ આંક–૩૧ થી તપાસવામાં આવેલ ફરીયાદી ભગીરથભાઇ જગજીવનભાઇ કડીવારને તપાસવામાં આવેલ છે તેઓ સાથે આરોપીઓને કોઇ ફોનમાં વાત થયેલ નથી કે તેઓએ આરોપીઓને ડાઈરેક્ટ કોઇ ડીઝલનો જથ્થો મોકલેલ નથી. તેઓને ડીઝલની ગાડીના ડ્રાઇવર સાથે પણ કોઇ સીધી વાતચીત થયેલ નથી. તેથી તેઓને પણ મહત્વના સાક્ષી માની શકાય નહી.

આ કામે આંક–૪૪ થી સાહેદ રમેશભાઇ નાગજીભાઇ ભીમાણીને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની જુબાનીમાં રમેશભાઇ કરશનભાઇ કાસુન્દ્રાનો ફોન આવેલ અને ડીઝલ મોકલેલ હોવાનું જણાવે છે અને તે ભાઈનુ નામ રમેશભાઇ પઢીયાર હોવાનુ તપાસ કરતા જાણવા મળેલ હોવાનુ જણાવે છે. સદર સાહેદે આરોપીઓને જોયેલ નથી કે તે તેઓને ઓળખતા નથી. તેઓને રમેશભાઇ પઢીયાર નામ હોવાનું કઇ રીતે જાણવા મળેલ તે પણ તેઓએ જણાવેલ નથી. સદર સાહેદ દ્વારા પણ આરોપીઓએ તેઓના ડ્રાઇવર સાથે ગાળાગાળી કરેલ હોઇ કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોઇ તેવી કોઇ હકિકત જણાવેલ નથી. તેઓ દ્વારા મોકલવામાં આવતો માલ ક્યા વ્યક્તિને મોકલે છે તેનું નામ સરનામું તથા અન્ય વિગતો જાણવી જરૂરી છે જે બાબતોનું ધ્યાન રાખવાની જવાબદારી પેટ્રોલપંપના મેનેજર તરીકે તેઓની હતી.

આ કામે આંક–૪૫ થી સાહેદ કાનાભાઇ રતાભાઇ રગીયાને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં આરોપીઓને જોયેલ ન હોય ઓળખતા ન હોવાનું જણાવેલ છે. સદર સાહેદ પેટ્રોલપંપની ગાડીના ડ્રાઇવર છે તેઓને મેનેજરના કહેવા મુજબ ડીઝલ આપવા માટે ગયેલ હોય તેઓને પૈસાની લેવડ–દેવડ બાબતને કોઇ જાણ ન હોઇ તે સ્વાભાવિક છે. તેઓના

શેઠનો ફોન આવતા તે બાકીનું ડીઝલ લઇને પરત આવતા રહેલ. તેઓને કોઇ ગાળાગાળી કરેલ હોઇ કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોઇ તેવી કોઇ હકિકત તેઓએ જણાવેલ નથી.

આ કામે આંક–પર થી તપાસ કરનાર અમલદાર તથા આંક–પપ થી ચાર્જશીટ કરનારને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની કામગીરી મુજબનો પુરાવો આપેલ છે. તેઓ દ્વારા કરવામાં આવેલ પંચનામાના પંચ સાહેદો દ્વારા પંચનામાને સમર્થન મળેલ નથી. તપાસ કરનાર અમલદાર દ્વારા ફરીયાદી દ્વારા પેટ્રોલપંપ ચાલવવામાં આવતો હોય તેના માલીકીના કોઇ પુરાવા રજુ રાખેલ નથી. જે ગાડી દ્વારા ડીઝલનો જથ્થો મોકલાવેલ હોવાનું જણાવવામાં આવે છે તે ગાડીના માલીકીના કોઇ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ નથી. ફરીયાદીને આ રીતે છુટક ડીઝલનો જથ્થો વેચવા માટેનું કોઇ લાઇસન્સ કે પરવાનો હોઇ તેવા કોઇ દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ નથી. સદર પેટ્રોલ પંપ પર સાહેદ રમેશભાઇ નાગજીભાઇ ભીમાણી મેનેજર તરીકે કામ કરતા હતા તે બાબતનો કોઇ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. તેમજ આ કામે પેટ્રોલપંપ દ્વારા લખવામાં આવતા હીસાબ અંગેના કોઇ દસ્તાવેજી પુરાવા આ કામે રજુ રાખેલ નથી કે આવા હીસાબ નિભાવતા કર્મચારીના નિવેદન આ કામે લીધેલા નથી. આરોપીઓની ઓળખ પરેડ કરાવેલ નથી.

આમ, સદર કામે કોઇપણ સાહેદ દ્વારા આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ નથી. ફરીયાદી દ્વારા પોતાની ફરીયાદમાં ફરીયાદ મોડી કરવાનું સ્પષ્ટ કારણ જણાવેલ નથી. હાલના કામના આરોપીઓએ સામેનો ગુનો નિઃશંકપણે સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષ પર છે. ફરીયાદપક્ષ તેનો કેસ સાબિત કરવામાં સદંત્તર નિષ્ફળ નિવડેલ હોય, આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય નહી.

(૧૦) આમ, રેકર્ડ પર આવેલ પુરાવા પરથી આરોપી સામેના તહોમતનામા મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થયેલ નથી. આમ,

ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનો તુલનાત્મક અભ્યાસ કરતા, ફરિયાદપક્ષ નિ:શંકપણે એવી હકીકત સાબિત કરી શકેલ નથી કે, બનાવ તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપીઓ ફરીયાદીના સંકલ્પ કિશાન સેવા કેન્દ્ર પેટ્રોલ પંપનાં મોબાઇલ ફોન પર ફોન કરી રોકડા રૂપિયે ડીઝલ જોઇએ છે તેમ કહી ફરીયાદી તથા સાહેદ રમેશભાઇ ભીમાણીને વિશ્વાસમાં લઇ ડીઝલ લીટર–૪૪૦ કિ.રૂ.૩૩૪૧૪/– નું મંગાવી ડીઝલ ઉતારી લઇ સાહેદ કાનાભાઇ રબારીએ ડીઝલના રૂપિયા માંગતા તેના રૂપિયા નહી ચુકવી સાહેદ કાનાભાઇ રબારીને ભુંડી ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી, ફરીયાદી અને સાહેદને વિશ્વાસમાં લઇ વિશ્વાસઘાત છેતરપિંડી કરેલ હોય. આમ, ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકારહિત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે તેમ ઠરાવું છું. જેથી મુદ્દા નં. ૧નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ માટે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

**(૧)** આ કામના આરોપી નંબર–૨ રમેશભાઇ ઉર્ફે લાંબો કરશનભાઇ પઢીયાર રહે. પીઠડ ગામ, તા.જોડીયા, જી.જામનગરનાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપી નંબર–૨ ની હાજરી સહેલાઇથી મળી રહે તે સારુ આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(અ) મુજબના જામીન આપવા તથા આ જામીન ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

(૩) આ કામે મુદ્દામાલ પાવતિ મુજબના મુદ્દામાલ અંગે જો અગાઉ હુકમ કરેલ હોઇ તો તે યથાવત રાખવામાં આવે છે અન્યથા અપીલ સમય બાદ માલીકીની ખરાઇ કરી મુળ માલીકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૨૦ મી, માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા

તારીખ: ૨૦/૦૩/૨૦૨૬.

**(કુ.એમ.એચ.મકવાણા)**
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જોડીયા, જિ.જામનગર
GJ01523

બી.કે.બળદા
ગુજ.સ્ટેનો.ગ્રેડ–૩